BUSINESS મિત્ર

બ્રોડર માર્કેટ પોઝિટિવ રહેતા રોકાણકારોએ 30 હજાર કરોડ રૂપિયાની કમાણી કરી

વીકલી એકસપાયરીએ બેઉતરફી વધઘટે સેન્સેક્સ-નિફ્ટી સપાટ બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 23: ભારતીય શેરબજારમાં સતત બે દિવસના ઉછાળા બાદ સામસામી રાહ સાથે સપાટ બંધ રહ્યા હતા. જેમાં સેન્સેક્સ લાલ નિશાનમાં, જ્યારે નિફ્ટી નજીવા સુધારા સાથે બંધ રહ્યું હતું. બજારના નિષ્ણાંતોનું કહેવું છે કે, પસંદગીના સેકટરમાં નફો બુક અને વિદેશી રોકાણકારોના વેચાણને કારણે બજાર દબાણ હેઠળ રહ્યું હતું. આ સિવાય નિફ્ટીમાં વીકલી એકસપાયરીના પગલે બજારમાં પણ વધગટ જોવા મળી રહી હતી.

જોકે, બ્રોડર માર્કેટ પોઝિટિવ રહ્યા હતા. જેના કારણે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 30 હજાર કરોડની વૃદ્ધિ થવા પામી હતી. જેના લીધે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ વધીને રૂ. 475.62 લાખ કરોડ થયું છે. સેકટર વાઈઝ જોઈએ તો, સૌથી વધુ વેચવાલી આઈટી, ફાર્મા, પબ્લીક સેકટર બેન્કો અને રિયલ્ટી શેરોમાં જોવા મળી હતી. બીજી તરફ, મેટલ, યુટીલીટી અને એફએમસીજી શેરોમાં ખરીદી જોવા મળી હતી.

બીએસઈ સેન્સેક્સ 42.64 પોઈન્ટ એટલે કે 0.05 ટકા ઘટીને 85524.84 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85704 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 85342 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 4.75 પોઈન્ટ એટલે કે 0.02 ટકા સુધરીને 26177.15 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 26233 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 26119 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 4.45 પોઈન્ટ એટલે કે 0.01 ટકા ઘટીને 59299.55 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે થર્મેક્સ લિ. 22.95 ગણા, અંબુજા સિમેન્ટ 10.86 ગણા, રાઈટસ લિ. 6.9 ગણા, આલોક ઈન્ડ. 6.79 ગણા, જયુપીટર વેગન્સ 6.15 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે અકુમ્સ ડ્રગ્સ 32.26 ગણા, રાઈટસ લિ. 20.57 ગણા, આલોક ઈન્ડ. 17.71 ગણા, ઈરકોન ઈન્ટરનેશનલ 15.01 ગણા, જયુપીટર વેગન્સ 12.54 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.38 ટકા સુધારો જોવાયો હતો. જ્યારે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.08 ટકા સુધારો જોવાયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. બીએસિ ખાતે 2293 શેરો વધ્યા હતા, જ્યારે 1889 શેરો ઘટ્યા હતા અને 200 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 0.80 ટકા સુધારો જોવાયો હતો. જે ચાર ટ્રેડિંગમાં 1.46 ટકા સુધારો રહ્યો હતો. જેમાં નઝારા ટેકનો, નેટવર્ક 18 મીડિયા, હેથવે કેબલ, સન ટીવી નેટવર્ક, પ્રાઈમ ફોકસ અને ડીબી કોર્પ સુધર્યા હતા.

વૈશ્વિક સ્તરે મોટા ભાગના યુરોપિયન બજારો સુધારા સાથે આગળ વધ્યા હતા. કારણ કે રોકાણકારો સ્પેનના અંતિમ જીડીપી ડેટાની રાહ જોઈ રહ્યા હતા. ગત મહિને જાહેર થયેલા કામચલાઉ આંકડા વાર્ષિક ધોરણે 2.8 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. એઆઈ વેપારે રાતોરાત મુખ્ય વોલસ્ટ્રીટ ઈન્ડેક્સને ઉપાડ્યા પછી મોટા ભાગના એશિયન બજારો ઉંચા બંધ થયા હતા. મિડિયા અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે કંપની ફેબ્રુઆરીના મધ્ય સુધીમાં ચીનમાં તેની ચીપ્સનું શિપમેન્ટ શરૂ કરવા માગે છે તે પછી એનવીડિયાના શેરમાં વધારો થયો છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.02 ટકા, ડેક્સ 0.38 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે કેક 0.23 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.02 ટકા, સ્ટ્રેઈટસ 0.62 ટકા, તાઈવાન 0.57 ટકા, કોસ્પી 0.28 ટકા, શાંઘાઈ 0.07 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 0.11 ટકા અને જકાર્તા 0.71 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-42.64	85524.84
નિફ્ટી	4.75	26177.15
બેન્ક નિફ્ટી	-4.45	59299.55

નિફ્ટી

ટોપ ગેઈનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
કોલ ઈન્ડિયા	3.66	400.40
શ્રીરામ ફાઈનાન્સ	2.45	957.80
અલ્ટ્રાટેક સિમેન્ટ	1.27	11678.00
આઈટીસી	1.15	407.35
ટીએમપીવી	1.14	363.25

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઈન્ફોસીસ	1.26	1668.30
ભારતી એરટેલ	1.15	2122.90
અદાણી પોર્ટસ	1.00	1493.60
ટેક મહિન્દ્રા	0.83	1633.00
સીપલા	0.81	1500.70

સેન્સેક્સ

ટોપ ગેઈનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
આઈટીસી	1.27	407.65
અલ્ટ્રાટેક સિમેન્ટ	1.24	11675.60
ટાટા સ્ટીલ	1.03	170.90
એચડીએફસી બેન્ક	0.91	996.40
એનટીપીસી	0.75	323.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઈન્ફોસીસ	1.28	1668.10
ભારતી એરટેલ	1.15	2122.40
અદાણી પોર્ટસ	0.95	1494.05
સન ફાર્મા	0.91	1755.20
ટેક મહિન્દ્રા	0.88	1632.10

રૂપિયામાં સાંકડી વધઘટે સપાટ બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 23: કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો બેઉતરફી સાંકડી વધઘટે સપાટ બંધ રહ્યા હતા. આજે ડોલરની સામે રૂપિયો એક પૈસા ઘટીને 89.65ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 89.66ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 105.47, પાઉન્ડ 121.14, કેનેડિયન ડોલર 65.43, ઓસ્ટ્રેલિયન ડોલર 60.06, જાપાનીઝ યેન 0.5746 અને સીંગાપોર ડોલર 69.49ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	89.65 ₹.
યુરો	105.47 ₹.
પાઉન્ડ	121.14 ₹.
યેન	0.5746 ₹.

ભારતીય રોકાણકારો વૈશ્વિક બજારો તરફ વળ્યા

અમેરિકન બજારોમાં ભારતીય રોકાણકારોનું ચાર ગણુ રોકાણ થયું, એનવીડિયા, ટેસ્લા જેવી કંપનીઓમાં રોકાણ વધાર્યું

નવી દિલ્હી, તા. 23: ભારતીય રોકાણકારો દ્વારા વૈશ્વિક રોકાણ ઝડપથી વધી રહ્યું છે અને તે 400 મિલિયન ડોલરથી વધીને 1.6 બિલિયન ડોલર થઈ ગયું છે. યુવા અને સાવચેત રોકાણકારો શેરો અને ઈટીએફમાં સંતુલિત પોર્ટફોલિયો બનાવે છે. ટાયર-2 અને 3 શહેરોની ભાગીદારી વધી છે, અને ટેસ્લા, એનવીડિયા જેવી ટેક અને ઈનોવેશન કંપનીઓ સૌથી લોકપ્રિય વિકલ્પો બની ગઈ છે. ભારતીય રોકાણકારો હવે માત્ર સ્થાનિક બજાર સુધી મર્યાદિત નથી. દેશના ખૂણેખૂણેથી રોકાણકારો વધુને વધુ વૈશ્વિક રોકાણોતરફ આગળ વધી રહ્યા છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં મજબૂત હાજરી આપી રહ્યા છે. આજે ભારતના 145 થી વધુ શહેરોના લોકો વિદેશમાં રોકાણ કરી રહ્યા છે, તેમના પોર્ટફોલિયોને માત્ર વધુ વૈવિધ્યસભર જ નહીં પરંતુ પહેલા કરતા વધુ વ્યૂહાત્મક પણ બનાવી રહ્યા છે. વેસ્ટેડ ફાઈનાન્સના 'હાઉ ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટ્સ ગ્લોબલ - 2025' રિપોર્ટ અનુસાર, આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતનું રોકાણનું કદ 400 મિલિયન ડોલરથી વધીને 1.6 અબજ ડોલરને પાર થઈ ગયું છે. એટલે કે લગભગ ચાર ગણો વધારો થયો છે.

ઉલ્લેખનીય છે કે, આ પરિવર્તનનું નેતૃત્વ હવે ટાયર-2 અને ટાયર-3 શહેરો દ્વારા કરવામાં આવી રહ્યું છે, જે કુલ વૈશ્વિક ભારતીય રોકાણકારોમાં 47% હિસ્સો ધરાવે છે.

રિપોર્ટમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે ભારતીય રોકાણકારો હવે ત્વરિત નફાને બદલે લાંબા ગાળાના વિઝન સાથે આયોજિત અને સંતુલિત વૈશ્વિક રોકાણ વ્યૂહરચના અપનાવી રહ્યા છે. અહેવાલ દર્શાવે છે કે ભારતના વૈશ્વિક રોકાણકારોમાં મોટી સંખ્યા યુવા છે. લગભગ 48 ટકા રોકાણકારો 35 વર્ષથી ઓછી ઉંમરના છે. આ ઉપરાંત, 38 ટકા લોકો 500 ડોલરથી ઓછી રકમથી શરૂ થાય છે. આનો અર્થ એ છે કે આ રોકાણકારો મોટા જોખમો લેવાનું ટાળે છે અને ધીમે ધીમે તેમના રોકાણમાં વધારો કરવાનું પસંદ કરે છે.

ભારતીય મ્યુચ્યુઅલ ફંડ એયુએમ 81 લાખ કરોડ રૂપિયાને પાર

2035 સુધીમાં ભારતીય મ્યુ. ફંડ રૂપિયા 300 લાખ કરોડ રૂપિયાને પાર થવાની ધારણા છે

નવી દિલ્હી, તા. 23: ભારતીય મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની એસેટ્સ અંડર મેનેજમેન્ટ- એયુએમ 2035 સુધીમાં 300 લાખ કરોડ રૂપિયાને પાર થવાની ધારણા છે. જનરલ ઝેડ, મહિલાઓ અને નાના-શહેરના ઘરો દ્વારા ડિજિટલ રોકાણોને ઝડપથી અપનાવવાથી ઉદ્યોગને ટેકો મળી રહી છે. આ જૂથો એસઆઈપી દ્વારા લાંબા ગાળાના રોકાણોને પ્રાથમિકતા આપી રહ્યા છે.

રિપોર્ટ અનુસાર, 2025માં ભારતીય મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગનો ગ્રોથ રેટ મજબૂત રહ્યો છે. એયુએમ નવેમ્બર 2024માં 68 લાખ કરોડ રૂપિયાની સરખામણીમાં નવેમ્બર 2025 સુધીમાં વધીને 81 લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. છેલ્લા પાંચ વર્ષમાં એયુએમ લગભગ ત્રણ ગણો વધ્યો છે અને આ સમયગાળા દરમિયાન 21.91 ટકાનો સીએજીઆર નોંધાવ્યો છે. ઈકરા એનાલિટિક્સના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે ચોખ્ખા પ્રવાહમાં વધારો, મજબૂત બજાર પ્રદર્શન, રિટેલ રોકાણકારોની વધતી ભાગીદારી અને બચતના ધિરાણથી ડિજિટલ રોકાણને વેગ મળ્યો છે, જેના કારણે એયુએમમાં સતત વધારો થયો છે. મે 2025માં ઉદ્યોગની એયુએમ લગભગ 70 લાખ કરોડ રૂપિયા હતી, જે આગામી છ મહિનામાં વધીને નવેમ્બર 2025 સુધીમાં 80 લાખ કરોડ રૂપિયાને વટાવી ગઈ છે.

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬	''	૧૧૧	----- ---
૩૦/૨૪ બ્રાઇટ	૨૩૩	૫૦/૩૬	''	૧૨૦	૮૦/૭૨ બ્લેક રોટો ૧૨૯
૩૦/૩૬ એફડી	૨૩૮	૫૦/૪૮ SD/કેપ		૧૮૫	**ગાર્ડન**
લોકલ		**RIL રિલાયન્સ**			૪૯/૨૪ એફડીવાય ૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૨૧	૯૦/૩૬ ક્રિમ્પ		૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ ૧૬૧
૬૮/૩૬	૧૧૯	૧૧૪.૧૩ રોટો		---	૬૨ ક્રિમ્પ ૧૨૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૧૮	૧૦૦ ટેક્ષ		૧૨૩	૬૮ ક્રિમ્પ ૧૨૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૧૨	**વેલનોન** (જીએસટી સાથે)			૭૨ ક્રિમ્પ ૧૧૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૧૩	૮૦/૭૨ રોટો		૧૨૦	૭૫ ક્રિમ્પ ૧૧૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૫૮	૮૦/૭૨ ફોલ્ડર		૧૨૯	૮૦ ક્રિમ્પ ૧૧૫
૮૦/૭૨ રોટો.	૧૧૭.૫	૧૬૦ ડીસ્કેટ		૧૨૯	૮૦/૭૨ રોટો ૧૧૮
૮૦/૩૬ રોટો.	૧૧૬	---		---	૩૦/૨૪ બ્રાઇટ ---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૨	૮૦/૧૦૮	''	૧૨૪	૩૦/૩૬ એફડી ---
					TPM ૧૧૬

જાહેર હરાજી

દિવેદ પ્રા.શા.તા.જિ.વલસાડના 1(એક)SSA ઓરડાના કાટમાળ ની હરાજી તા.29/12/2025 ને સોમવારના રોજ 11.00 કલાકે રાખવામાં આવેલ છે.હરાજીમાં ભાગ લેનાર ઇસમોએ રૂ.8000/-(અંકે રૂપિયા આઠ હજાર પુરા)ડિપોઝીટ જમા કરાવી ભાગ લેવાનો રહેશે.હરાજીની શરતો સ્થળ પર જણાવવામાં આવશે. જાહેર હરાજી મંજૂર, નામંજૂર કરવાની તમામ સત્તા શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) દિવેદ પ્રા.શા.ની રહેશે.

હરાજી તા.29/12/2025 — **દિવેદ પ્રા.શાળા તા.જિ.વલસાડ**
સમય: સવારે 11.00કલાકે — **SMC અધ્યક્ષશ્રી તથા સભ્યશ્રીઓ**

નં.માહિતી/વલસાડ/૭૪૩/૨૦૨૫

ગ્રામ પંચાયત રહેજ, તાલુકો ગણદેવી, જિલ્લો નવસારી
મિલકત વેરા ભરવા અંગેની જાહેર નોટિસ

આથી ગ્રામ પંચાયત રહેજ વિસ્તારમાં સમાવિષ્ટ મકાનો, ફ્લેટ, દુકાનોના મિલકત ધારકોને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, મિલકતના બાકી રહેલ ઘરવેરા, પાણીવેરા, સફાઈવેરા, લાઈટવેરા, વ્યવસાય વેરા (અન્ય સરકારી કરવેરા) તા.૧૫/૦૧/૨૦૨૬ માં ગ્રામ પંચાયત કચેરી રહેજ ખાતે ભરી જવા જણાવવામાં આવે છે. જો તેમ કરવામાં નિષ્ફળ જશો તો બાકી વેરાની મિલકતો પર બોજો લાદવા, મિલકત ટાંચમાં લેવા, પંચાયત દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓ બંધ કરવા તથા મિલકતને સીલ કરવા સહિતની ગુજરાત પંચાયત અધિનિયમ- 1993 ની કલમ 215 (1) (2) (3) અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે.

તા.૨૦/૧૨/૨૦૨૫

Sd/-તલાટી-કમ-મંત્રી
રહેજ ગ્રામ પંચાયત
તા.ગણદેવી, જી.નવસારી

Sd/-સરપંચશ્રી
રહેજ ગ્રામ પંચાયત
તા.ગણદેવી, જી.નવસારી

માહિતી/નવસારી/૫૬૪/૨૦૨૫

નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર
જાહેર નિવિદાનં.૦૫ સને ૨૦૨૫-૨૬

રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ પંચાયત સિંચાઈ વિભાગ, આહવા જિ.ડાંગની કચેરી ટેલીફોન નં.૦૨૬૩૧-૨૨૦૩૬૮ દ્વારા અંદાજીત રકમ રૂ.૬.૬૧ થી ૩૮.૩૨ લાખના કુલ:-૧૪ કામો છે. જે માન્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન, ધરાવતા માન્ય ઈજારદારશ્રી ઓ પાસેથી ઓનલાઈન ઈ- ટેન્ડરીંગ દ્વારા ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામોની ડોકુયુમેંટ વેબસાઈટ www.nwr.nprocure.com તેમજ www.statetendar.com ઉપર તા.૨૪/૧૨/૨૦૨૫ થી તા.૦૭/૦૧/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે

ક્રમાંક: માહિતી/ડાંગ/૨૧૦/૨૦૨૫

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૦૮૮૦
તેજાબી સોનું	૧૪૦૭૯૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૩૮૩૫
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૩૮૦૬૦
સોનાનાં બિસ્કીટ	૧૪૦૮૮૦૦
ચાંદી (૯૯૯)	૨૧૯૨૫૦
ચાંદી સિક્કા	૨૨૦૭૫૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૮૦	કોપરેલ	૬૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૫૮૦	વનસ્પતિ ઘી	૨૩૨૦
સીંગતેલ (૫ લી)	૮૩૦	સનફ્લાવર	૨૩૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૩૬૦	તલતેલ	૪૯૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૧૫૦	દિવેલ	૨૪૬૦
કપાસીયા (૫ લિ.)	૭૮૦	મકાઇ તેલ	૨૩૫૦
સરસીયું તેલ	૨૯૦૦		

અમેરિકા ભારત ઉપર જીએમ મકાઈ અને સોયાબીન ખરીદવા માટે કેમ દબાણ કરી રહ્યું છે?

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે, જેના કારણે અમેરિકામાં મોટા પ્રમાણમાં નિકાસ કરતા ભારતના અનેક ઉદ્યોગો પતનની અણી પર આવી ગયા છે. ભારત અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી વેપાર વાટાઘાટોમાં એક મુખ્ય મતભેદનો મુદ્દો એ છે કે અમેરિકા ભારતના કૃષિ ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા માગે છે. વોશિંગ્ટન ઇચ્છે છે કે નવી દિલ્હી તેનું બજાર આનુવંશિક રીતે સુધારેલા (GM) સોયાબીન અને મકાઈ માટે ખોલે, પણ ભારત હજુ સુધી મચક આપતું નથી. જીએમ ટેકનોલોજીમાં છોડના ડીએનએમાં ફેરફાર કરીને નવાં લક્ષણો રજૂ કરવામાં આવે છે, જે પરંપરાગત સંવર્ધનની તુલનામાં ઉત્પાદનને ઝડપી બનાવવામાં મદદ કરે છે. બ્રાઝિલ પછી અમેરિકા સોયાબીનનો વિશ્વનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે, જે વૈશ્વિક ઉત્પાદનના ૨૮ ટકા અથવા ૧૧.૯ કરોડ મેટ્રિક ટનનો હિસ્સો ધરાવે છે. ચીન સાથેના વેપાર યુદ્ધના કારણે વેચાણમાં ઘટાડો થયો ત્યાં સુધી ચીન અમેરિકન સોયાબીનનો સૌથી મોટો ખરીદદાર હતો. હવે અમેરિકા પોતાની જીએમ સોયાબીન અને મકાઈ ભારતના બજારમાં વેચવા માગે છે.

ભારતે અત્યાર સુધી જીએમ સોયાબીન અને મકાઈની આયાત એવા આધાર પર અટકાવી દીધી છે કે તે બિન-જીએમ અથવા ઓર્ગેનિક પાકોનું ઉત્પાદન કરે છે, જેનું વૈશ્વિક બજાર વિશિષ્ટ છે અને જીએમ જાતો સ્ટ્રેનને પાતળું કરે છે, તેવી ધારણાને કારણે તેને નુકસાન થઈ શકે છે. ભારત લગભગ ૧.૩ કરોડ ટન સોયાબીનનું ઉત્પાદન કરે છે, જેમાંથી અડધાથી વધુ ઉત્પાદન એકલા મધ્ય પ્રદેશમાં થાય છે. ભારતમાં મકાઈનું ઉત્પાદન આશરે ૪.૨ કરોડ ટન છે, જેમાંથી ૨૦ ટકાનો ઉપયોગ ઈંધણ-ગ્રેડ ઇથેનોલ બનાવવા માટે થાય છે. ભારત દેશ તેના મકાઈના ઉત્પાદનમાં આત્મનિર્ભર છે, પરંતુ ખાદ્ય તેલ માટે પ્રોસેસિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવને કારણે રસોઈના હેતુ માટેના સોયાબીન તેલની આયાત કરે છે. જોકે, સોયાબીન અને મકાઈના ખેડૂતો ફરિયાદ કરે છે કે સરકાર દ્વારા નક્કી કરાયેલા ભાવ કરતાં ઓછી કિંમત ચૂકવતા વેપારીઓ તેમને છેતરી રહ્યા છે. આ ઉપરાંત રાસાયણિક ખાતર, બિયારણ અને અન્ય કૃષિ વસ્તુઓના ભારે ભાવ તેમ જ અનિયમિત વરસાદના કારણે પાકનો નાશ થયો છે, જેના કારણે કિસાનો કંગાળ બની રહ્યા છે.

મધ્ય પ્રદેશના મકાઈ ઉગાડતા ખેડૂત પ્રકાશ પટેલની ફરિયાદ છે કે સરકાર અમારી પાસેથી ખરીદી કરતી નથી, તેથી વેપારીઓ તેમની મરજી મુજબ ભાવ નક્કી કરે છે. અમે ઉત્પાદન ખર્ચ પણ વસૂલ કરી શકતા નથી.

અમારા માટે નફો એક દૂરનું સ્વપ્ન છે અને અમારે હજુ પણ અમારી ખેતીની સામગ્રી ખરીદવા માટે લીધેલી લોન ચૂકવવી પડશે. ખેડૂતોને ચિંતા છે કે જો અમેરિકન માલ ભારતીય બજારમાં પ્રવેશ કરશે તો આ નુકસાન વધુ વધશે. ભારતમાં એક ખેડૂત સામાન્ય રીતે ૦.૪૦ હેક્ટર (૧ એકર) માં લગભગ ૧ મેટ્રિક ટન સોયાબીનનું ઉત્પાદન કરે છે. પરંતુ તે જ જમીન વિસ્તારમાં GM સોયાબીનનું ઉત્પાદન ૩ મેટ્રિક ટન સુધી વધી શકે છે. મકાઈના નિકાસકાર હેમંત જૈન પણ ચિંતા કરે છે કે ભારતમાં પ્રવેશતા અમેરિકન માલની નિકાસ પર ખરાબ અસર પડી શકે છે. ભારતના સોયાબીન અને મકાઈની આંતરરાષ્ટ્રીય બજારમાં મોટી માંગ છે કારણ કે તેમની ગુણવત્તા GM નથી. જીએમ મટિરિયલની આયાત વિદેશી ખરીદદારોના મનમાં ભેળસેળની શંકા પેદા કરશે, જેઓ ભારત પાસેથી ખરીદવામાં અનિચ્છા ધરાવતા હશે.

નવી દિલ્હીના સ્વતંત્ર કૃષિ વિશ્લેષક ઇન્દ્ર શેખર સિંહે જણાવ્યું હતું કે ભારતમાં ખેડૂતો પાસે સરેરાશ ૨ હેક્ટર (૫ એકર) જમીન છે, જેના પર પરિવારના પાંચથી સાત સભ્યો કામ કરે છે અને ખોરાક અને આજીવિકા માટે જમીન પર આધાર રાખે છે. વધુ આવક માટે તેમને ઘણી વાર અન્ય લોકોની જમીન પર મજૂર તરીકે કામ કરવું પડે છે. આ અમેરિકાથી વિપરીત પરિસ્થિતિ છે,

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

જ્યાં ખેડૂતો પાસે ખેતી માટે વિશાળ જમીન છે અને પાકના આધારે તેમને સરકાર તરફથી ભારે સબસિડી મળે છે. અમેરિકા ચીન માટે વૈકલ્પિક બજાર શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ ભારતીય ખેડૂતો અમેરિકન સરકારની સબસિડીવાળી વસ્તુઓ સામે જીતી શકતા નથી. તેઓ થોડા વર્ષોમાં સંપૂર્ણ બજાર કબજે કરશે, જેનાથી આપણા ખેડૂતો ગરીબી અને લાચારીમાં ફસાઈ જશે.

અમેરિકન ખેડૂતો તેમની મકાઈ અને સોયાબીન વેચવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. અમેરિકા માટે આ બંને પાક ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ પરની લડાઈ માટે ખતરો બની રહ્યા છે. નિષ્ણાતો કહે છે કે જો ભારત અને ચીનનો વિરોધ ચાલુ રહેશે, તો અમેરિકન સોયાબીન અને મકાઈ માટે કોઈ ખરીદદાર નહીં રહે. જો આવું થશે તો રાષ્ટ્રપતિ ટ્રમ્પને પણ શરણાગતિ સ્વીકારવાની ફરજ પડશે. સોયાબીન અને મકાઈ ઉગાડતા ખેડૂતો સામેનું બજાર સંકટ પણ અમેરિકન સેનેટમાં ગરમાવો ધરાવતો મુદ્દો બની ગયો છે. સેનેટના નેતા જોન થુને તાજેતરમાં દક્ષિણ ડાકોટાના ખેડૂતો ઉપરના બજાર સંકટ પર પ્રકાશ પાડ્યો હતો. અમેરિકાના ટેરિફ હુમલા સામે ચીનનો વળતો હુમલો અમેરિકન સોયાબીન અને મકાઈની નિકાસને નુકસાન પહોંચાડી રહ્યો છે. બ્રાઝિલ પણ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ યુદ્ધ સામે અમેરિકાની કૃષિ પેદાશની આયાત ન કરવાના પોતાના વલણ પર અડગ છે. અમેરિકન મકાઈ અને સોયાબીન માટે આખી દુનિયામાં કોઈ ખરીદદાર મળતા નથી.

આંકડા દર્શાવે છે કે ચીન અત્યાર સુધી અમેરિકન સોયાબીન ઉત્પાદકો માટે સૌથી મોટો ખરીદદાર રહ્યો છે. આનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે ગયા વર્ષે અમેરિકાએ આશરે ૨૪.૫ અબજ ડોલરના મૂલ્યના સોયાબીનની નિકાસ કરી હતી, જેમાંથી ચીને ૧૨.૫ અબજ ડોલરના મૂલ્યના અમેરિકન સોયાબીન ખરીદ્યા હતા. અમેરિકામાં સોયાબીનનો પાક લણણી માટે તૈયાર છે, પરંતુ ખેડૂતોને ખબર નથી કે તેમની પેદાશ ક્યાં વેચવી, કારણ કે ચીને તેને ખરીદવાનું બંધ કરી દીધું છે. એક સમયે અમેરિકન સોયાબીનનો સૌથી મોટો આયાતકાર ચીન હવે તેની ખરીદી બ્રાઝિલ અને આર્જેન્ટિના તરફ ખસેડી રહ્યો છે, જે સતત તેમનો વૈશ્વિક હિસ્સો વધારી રહ્યો છે. ખાસ કરીને બ્રાઝિલને આ ચીની અભિગમથી નોંધપાત્ર ફાયદો થયો છે, જ્યારે અમેરિકન સોયાબીન ઉત્પાદકો ગંભીર નાણાંકીય કટોકટી, ઘટી રહેલા ભાવ અને સંકોચાતા બજારનો સામનો કરી રહ્યા છે, જે દાયકાઓમાં સૌથી ગંભીર છે. ભારતને વૈકલ્પિક બજાર તરીકે રજૂ કરવામાં આવ્યું છે, પરંતુ અમેરિકાને આ સંદર્ભમાં બહુ ઓછી સફળતા મળી છે. ભારતની બજાર ખોલવાના અમેરિકાના પ્રયાસો છતાં, ભારતની વ્યૂહરચના મક્કમ છે. અમેરિકાની મકાઈ અને સોયાબીન પર ભારતમાં ટેરિફ ઊંચા રહે છે, જે મકાઈ પર ૪૫ ટકા અને સોયાબીન પર ૬૦ ટકા સુધી પહોંચે છે. ભારત આનુવંશિક રીતે સુધારેલા (જીએમ) ખાદ્ય ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ મૂકે છે, અને મોટાભાગની અમેરિકન સોયાબીન જાતો આ શ્રેણીમાં આવે છે. ભારત સોયા તેલ અને કૃષિ આયાત માટે અમેરિકા કરતાં આર્જેન્ટિના, બ્રાઝિલ અને યુક્રેન પર ખૂબ નિર્ભર છે. મર્યાદિત વિકલ્પો કેટલાક અમેરિકન ખેડૂતોને તેમના ઉત્પાદનનો સંગ્રહ કરવા અથવા ભારે નુકસાન સહન કરવા મજબૂર કરી રહ્યા છે. અમેરિકામાં અસરગ્રસ્ત ખેડૂતો માટે સરકારી સહાય અને રાહત પેકેજોની ચર્ચા થઈ રહી છે, પણ તે કટોકટી માટે અપૂરતા માનવામાં આવે છે.

ભારત અમેરિકાના કૃષિ ઉત્પાદનોમાં નોન-જીનેટિકલી મોડિફાઇડ (GM) સોયાબીન અને મકાઈ પર નોંધપાત્ર ટેરિફ રાહત આપી શકે છે. ભારતે પહેલાથી જ અમેરિકાને ટેરિફ રાહતનો પ્રસ્તાવ મૂક્યો છે, પરંતુ અમેરિકા ભારતીય બજારમાં GM સોયાબીન અને મકાઈ પણ વેચવા માંગે છે. અમેરિકામાં GM અને નોન-GM સોયાબીન અને મકાઈ બંનેની ખેતી થા